ગાંધીનગરથી દર ગુરુવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૨૬ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૬-૦૬-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૦.૭૫ ● પાના : ૪

વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્ય દ્વારા હૈદરાબાદ ખાતે ત્રી-દિવસીય વૈદિક સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

## ઈશ્વર પ્રાપ્તિનો લક્ષ્ય માત્ર શબ્દરૂપમાં કરવાથી ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી : ચંદ્રેશજી આર્ય

મૂળ કોટડા (જડોદર) કચ્છના શ્રી હંસરાજભાઈ સામજીભાઈ છાભૈયાના હૈદરાબાદ ખાતે આવેલા આમીરપેઠમા આવેલા નિવાસ્થાને તાજેતરમાં જ ગાંધીધામના પ્રખર વૈદિક વક્તા શ્રી ચંદ્રેશજી આર્યનો રાત્રી વૈદિક સત્સંગ યોજાઈ ગયો.

પોતાના ઓજસ્વી વક્તવ્યમાં શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે, ઈશ્વર પ્રાપ્તિ માટે સર્વપ્રથમ તીવ્ર ઈચ્છા જરૂરી છે. તીવ્ર ઈચ્છા વગર કોઈપણ લક્ષ્યની પ્રાપ્તિ સંભવ નથી. ઈશ્વર પ્રાપ્તિનો લક્ષ્ય માત્ર શબ્દરૂપમાં કરવાથી ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. આપણે કેવળ શાબ્દિક જ્ઞાનથી આપણાં જીવનમાં ઉન્નતિ કરી શકતા નથી. શ્રી ચંદ્રેશજીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, તેઓ તીવ્ર ઈચ્છા અને વડાપ્રધાન બન્યા પૂર્વે જ વડાપ્રધાન પદ જેવું જ વર્તન, વાણી, વ્યવહાર અને પુરુષાર્થથી તેઓ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા. વ્યક્તિએ કેવળ ઈશ્વરના નામના ઉચ્ચારણ માત્રથી ઈશ્વર ભક્તિનો સંતોષ ન માનવો જોઈએ. સાચી ઈશ્વર ભક્તિ એટલે કે ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું તે છે.

બીજા દિવસના પ્રથમ સત્રમાં શ્રી ચંદ્રેશજી આર્યએ જીવનની દિનચર્યાને કેવી રીતે નિયમિત રાખવી અને સ્વસ્થ કેવી રીતે રહેવું જોઈએ અને સ્વસ્થ રહેવાથી થનારા વિવિધ ફાયદાઓ બાબતે સવિસ્તાર સમજણ આપી હતી.



ત્યાર બાદ બપોરે યોજાયેલા મહિલા સત્સંગમાં શ્રી ચંદ્રેશજી આર્યએ ઉપસ્થિત વિશાળ સંખ્યામાં મહિલાઓને સંબોધતા ઈશ્વર સંબંધીત શંકાઓનું સમાધાન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે ઈશ્વર કરતાં ગુરુ મોટો નથી. માટે ઈશ્વર જ ગુરુઓનો ગુરુ છે, ઈશ્વર જ સર્વોપરી છે



તેમ માનીને તેની જ ઉપાસના અને ભક્તિ કરવી જોઈએ. તેમણે ગુરુનો ધન્યવાદ કરવા અને તેની સેવા કરવાની પણ પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુરુની સેવા કરવી જોઈએ પરંતુ ઉપાસના અને ભક્તિ તો ઈશ્વરની જ કરવી જોઈએ.

શ્રી ચંદ્રેશજીના હૈદરાબાદ ખાતેના આ ત્રણેય કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં પાટીદાર ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી મોહનભાઈ પ્રેમજીભાઈ છાભૈયા, શ્રી કિશોર પટેલ, રેખા પટેલ, રમેશ છાભૈયા વગેરેનો સહયોગ પ્રાપ્ત થયો હતો.



દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

## વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ન્યાયદર્શન અધ્યાપન સમાપન સમારોહ ઉત્સાહભેર સંપન્ન

રોજડ

વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ગત વર્ષ ૨૮મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ જન્માષ્ટમીએ શરૂ કરવામાં આવેલ ન્યાયદર્શન અધ્યાપન સત્રનું સમાપન ગત તા. ૧૫મી જૂન ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. ૨૨ જેટલા પ્રબુદ્ધ બ્રહ્મચારીઓ તથા કેટલાંક અન્ય વ્યક્તિઓને આચાર્ય સત્યજીત્ જી દર્શનાચાર્ય દ્વારા ન્યાયદર્શનનું અધ્યાપન વાત્સ્યાયન ભાષ્ય સહિત કરાવવામાં આવ્યું હતું.





આ સમય દરમ્યાન તેમની નિયમિત લેખિત પરિક્ષા પણ લેવામાં આવતી હતી. આર્યજગત જ નહિં પરંતુ અન્યત્ર પણ આ પ્રકારે એક સાથે આટલી મોટી સંખ્યામાં ન્યાયદર્શનનો અભ્યાસ કરવામાં આવ્યો હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. આ કાર્યક્રમ પૂર્વ નિર્ધારિત યોજના અનુસાર સંપન્ન થયો.

રવિવાર ૧૫ મી જૂન ૨૦૧૪ના રોજ ન્યાયદર્શન ભણી ચૂકેલા વિદ્યાર્થીઓને એમની ઉપલબ્ધિ અનુસાર ૧૧ બ્રહ્મચારીઓને 'ન્યાયાચાર્ય', ૪ બ્રહ્મચારીઓને 'ન્યાય વિશારદ', ૭ બ્રહ્મચારીઓને 'ન્યાય પ્રાજ્ઞ' ની પદવી-પ્રમાણપત્ર આપવામાં

(અનુ. પાન ૨ પર)

## જાહેર આમંત્રણ



॥ ઓ૩મ્ ॥
॥ સદ્‌ગુરૂ શ્રી ઓધવરામાય નમઃ ॥

સદ્‌ગુરૂ શ્રી ઓધવરામ બાપા — ગુરૂકુલ સ્થાપક સંતશ્રી હરબોલે બાપા

શ્રી નિત્યાનંદ શિવાનંદ સરસ્વતી યોગ નિકેતન (રજી. ૮૦જી.)
સંચાલિત
**સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુલ**
આયોજીત
**"ગુરૂ વંદના - વાર્ષિકોત્સવ"**
શુક્રવાર, તા. ૧૧.૭.૨૦૧૪ થી રવિવાર, તા. ૧૩.૭.૨૦૧૪

: શુભ સ્થળ :
મુ. પો. ભવાનીપુર, તા. અબડાસા, જિ. કચ્છ (ગુજરાત), પીન : ૩૭૦૬૫૦
ફોન : (૦૨૩૧) ૨૮૮૨૫૫ / ૯૩૭૭૦ ૨૭૧૬૬

卐 : અતિથિવિશેષ : 卐
શ્રી જેન્તીભાઈ ભાનુશાલી (માજી ધારાસભ્ય, અબડાસા)
શ્રી આશારીયા લાલજી વડોર - બીદડા (દાનવીર, સમાજ સેવક)
શ્રી મુલરાજ ગઢવી (પ્રમુખશ્રી તાલુકા પંચાયત, અબડાસા)
શ્રી અરવિંદભાઈ રાણા (તંત્રીશ્રી અગ્નિપથ)
શ્રી હસુમુખભાઈ પરમાર (મંત્રી, ગુજરાત આર્ય પ્રતિનિધિ સભા)
શ્રી રઘુજીતસિંહ પરમાર (પ્રધાન, સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા)
શ્રી વસંત કરશનદાસ ચાંદ્રા (PWD ચેરમેન, ગાંધીધામ નગર પાલિકા)
શ્રી દેવજી કરસનદાસ મંગે (ઉપ પ્રમુખ, શ્રી ભવાનીપુર પ્રગતિ મંડળ)
શ્રી શંભુભાઈ નંદા (પ્રમુખ, શ્રી ભુજ ભાનુશાલી મહાજન)
શ્રીમતી મંજુલાબેન ગોવિંદ હંજડા (સરપંચ, શ્રી ભવાનીપુર જુથ પંચાયત)

卐 : નિમંત્રક : 卐
આચાર્ય, સ્વામીશ્રી શાન્તાનંદજી (M.A. દર્શનાચાર્ય)

卐 : દર્શનાભિલાષી : 卐
ભાનુશાલી મહાજન, ભવાનીપુર
શ્રી ભવાનીપુર પ્રગતિ મંડળ એવમ્ પંછી ગ્રુપ

: શુભેચ્છક :
ગુરૂકુલ - ટ્રસ્ટીગણ તથા સર્વ કાર્યકર
મુ. પો. ભવાનીપુર, તા. અબડાસા, જિ. કચ્છ (ગુજરાત), પીન : ૩૭૦૬૫૦
ફોન : (૦૨૩૧) ૨૮૮૨૫૫ / ૯૩૭૭૦ ૨૭૧૬૬
website : www.santodhavramvedicgurukul.com
e-mail : odhavgurukul@yahoo.com

## मानव जीवन का लक्ष्य क्या है ?



**उपाध्याय श्री सोमदेवजी आर्य**
महर्षि दयानंद आर्ष गुरुकुल, ऋषि उद्यान, अजमेर, राजस्थान.

अध्ययन
व्याकरण - गुरुकुल सुन्दरपुर, रोहतक व आर्य गुरुकुल खानपुर, हरियाणा, निरुक्त - ऋषिउद्यान अजमेर, ३ दर्शन- ऋषि उद्यान अजमेर, मीमांसा दर्शन - मैसूर (कर्णाटक) न्यास दर्शन - वानप्रस्थ साधक आश्रम रोजड.

### શિબિરમાં નીચેના વિષયો પર ચિંતન-ચર્ચા કરવામાં આવશે

(૧) આપણાં જીવનનું લક્ષ્ય શું છે ?
(૨) દરેક મનુષ્યએ પોતાના જીવનના લક્ષ્ય બાબતે કેમ વિચાર કરવો જોઈએ ?
(૩) આપણે આપણાં જીવનનું લક્ષ્ય ક્યા આધારે નક્કી કરવું જોઈએ ?
(૪) મનુષ્યોમાં જાતિ, ઉંમર, ભાષા, દેશ, સંસ્કૃતિ, મત-ધર્મ વગેરેમાં ભિન્નતા હોય છે આવી પરિસ્થિતિમાં માનવ જીવનનું લક્ષ્યનું નિર્ધારણ કેવી રીતે કરવું ?
(૫) શું અત્યાર સુધી લક્ષ્ય નક્કી નથી કર્યું તો હવે કરી શકાય ?
(૬) આપણે નક્કી કરેલું લક્ષ્ય યોગ્ય છે કે નહિં તે કેવી રીતે જાણવું ?
(૭) દરેક મનુષ્યએ પોતના જીવનનું લક્ષ્ય પોતે જ નક્કી કરવું જોઈએ કે અન્યોની દેખાદેખી કે અન્યોની ઈચ્છાનુસાર ?
(૮) આપણને આપણું લક્ષ્ય નક્કી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ કે નહિં ?
(૯) નિર્ધારિત કરેલા લક્ષ્યને પૂર્ણ કરવામાં આપણે શા માટે સફળ થતા નથી ?
(૧૦) શું નિર્ધારિત કરેલા લક્ષ્યને એક જ જન્મમાં પૂર્ણ કરી શકાય છે ?
(૧૧) શું ભિન્ન ભિન્ન જન્મોમાં આપણું લક્ષ્ય ભિન્ન ભિન્ન હોવું જોઈએ ?
(૧૨) શું પશુ-પક્ષી, ઝાડ-પાન વગેરેનું પણ કોઈ લક્ષ્ય હોઈ શકે ?



**आचार्य सत्यजीत्‌जी आर्य**
महर्षि दयानंद आर्ष गुरुकुल, ऋषि उद्यान, अजमेर, राजस्थान.
- अन्तरंग सदस्य, परोपकारिणी सभा,
- प्रबंधक, आर्ष न्यास
- सचिव, वैदिक-आध्यात्मिक न्यास,
- न्यासी, विश्वकल्याण धर्मार्थ न्यास, रोजड

अध्ययन
आयुर्वेदाचार्य, एम.डी. (आयुर्वेद), दर्शनाचार्य, मीमांसा तीर्थ, व्याकरणाचार्य, योग प्रशिक्षक

**કાર્યક્રમની તારીખ : ૨૯/૦૬/૨૦૧૪**

૮:૦૦ થી ૮:૩૦ નાસ્તો
૮:૩૦ થી ૧૧:૦૦ પ્રથમ સત્ર
૧૧:૦૦ થી ૧૧:૩૦ જલપાન
૧૧:૩૦ થી ૧:૦૦ બીજુ સત્ર
૧:૦૦ થી ૨:૦૦ ભોજન

**: કાર્યક્રમનું સ્થળ :**
કુશાભાઉ ઠાકરે ઓડિટોરીયમ, (એસી), સીટીએમ ચાર રસ્તા, અમદાવાદ
સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

પ્રવેશ માત્ર આમંત્રિત વ્યક્તિઓ માટે સિમિત છે
આમંત્રણ પત્રિકા માટે સંપર્ક કરો
(૧) સંજયભાઈ પ્રજાપતિ મો. ૯૪૨૬૩૮૧૩૦૨
(૨) દિનેશભાઈ શાહ મો. ૯૮૨૫૦૧૮૫૩૮
(૩) રાજકુમાર યાદવ મો. ૯૪૨૬૩૩૮૬૦૯
(૪) શશિકાંત આર્ય મો. ૯૭૭૯૮૮૧૦૯૬

આયોજક: આર્યસમાજ, અમદાવાદ
વ્યવસ્થાપક: વૈદિક સંસ્થાન, ઓઢવ

वैश्वदेवे तु निर्वृत्ते यद्यन्योऽतिथिराव्रजेत् ।
तस्याप्यन्नं यथाशक्ति प्रदद्यान्न बलि हरेत् ॥
मनुस्मृति १०८(७७)

વૈશ્વદેવ યજ્ઞની સમાપ્તિ થયા પછી અર્થાત્ ભોજન બન્યા પછી અને તેની યજ્ઞમાં આહૂતિ આપ્યા પછી જો કોઈ અતિથિ આવી જાય તો તેને પણ યથાશક્તિ ભોજ કરાવે બીજી વખત ભોજન બનાવ્યા પછી બલિભાગ ન કાઢે.

**તંત્રી સ્થાનેથી....**

## અલ નીનો ના પ્રભાવને કારણે ચોમાસુ નબળુ રહેવાની સંભાવના પ્રબળ બની

સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫મી જુનની આસપાસ ચોમાસાનું આગમન થાય છે પણ જુન માસનું છેલ્લું સપ્તાહ ચાલી રહ્યું હોવા છતાં ચોમાસાના કોઈ જ અણસાર દેખાતા નથી. ગુજરાત સહિત પશ્ચીમી રાજયોમાં હજું પણ ચોમાસાનો પ્રારંભ થયો નથી. આણંદ કૃષી વૈજ્ઞાનિક ડો.વ્યાસ પાંડે ના જણાવ્યા મુજબ હાલ ગુજરાતમાં ફુંકાઈ રહેલા પવનમાં વાદળો બંધાય તેટલા પ્રમાણમાં ભેજ જોવા મળતો નથી અને હવા સુકી જણાઈ રહી છે જેથી ચોમાસું સક્રીય થઈ શક્યું નથી.

ડો.વ્યાસ પાંડેએ વ્યકત કરેલી સંભાવના મુજબ આગામી ૧૫મી જુલાઈ પછી ગુજરાત સહિત પશ્ચીમી રાજ્યોમાં ચોમાસું સક્રીય થશે, એટલે કે રાજયમાં આ વર્ષે ચોમાસું એક મહિનો પાછું ઠેલાયું છે. આમ તો આ વર્ષે દેશમાં અલ નીનો પ્રવાહના કારણે ચોમાસું નબળું રહે તેવી સંભાવના વૈજ્ઞાનિકોએ અગાઉથી જ વ્યકત કરી હતી

જુનના અંત સુધી વરસાદનું આગમન ના થતાં નબળા ચોમાસાની સંભાવના પ્રબળ બની છે. સામાન્ય રીતે મુંબઈમાં ૧૦મી જુનની આસપાસ અને રાજ્યમાં ૧૫મી જુન પછી વરસાદનું આગમન થઈ જતું હોય છે પણ આ વર્ષે હજું મેઘરાજાની સવારી આવી પહોંચી નથી જેથી ધરતીપુત્રો સહિત સામાન્ય માણસ પણ ચિંતામાં મુકાયો છે. આણંદ કૃષી યુનિવર્સીટીના વૈજ્ઞાનિક ડો. વ્યાસ પાંડેના જણાવ્યા મુજબ હાલ રાજયમાં જે પવન ફુંકાઈ રહ્યા છે તેમાં ખુબ જ ઓછા પ્રમાણમાં ભેજ જોવા મળી રહ્યો છે.

હવા સુકી હોવાના કારણે વાદળો બંધાઈ શકયા નથી અને તેથી જ હાલ ચોમાસાનો સમય હોવા છતાં હજુ પણ વરસાદનું આગમન થયું નથી. તેમણે સંભાવના વ્યકત કરી હતી કે હજુ ૧૫મી જુલાઈ પછી રાજયમાં વરસાદનું આગમન થશે. ગુજરાત સહિત પશ્ચીમી રાજય રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ૧૫મી જુલાઈ બાદ ચોમાસું સક્રીય બને તેવી સંભાવના તેમણે વ્યકત કરી હતી. આ વર્ષે ચોમાસું એક માસ પાછું ઠેલાય તેવા સંજોગોનું નિર્માણ થયું છે જેથી હજુ પણ વરસાદની કાગ ડોળે રાહ જોઈ રહેલા લોકોને નિરાશ થવું પડશે.નબળા ચોમાસા માટે અલ-નીનો પ્રવાહ સહિત અન્ય પણ ઘણાં કારણો જવાબદાર છે.

# ન્યાય, સત્ય, જ્ઞાન, આનંદ, નિષ્પક્ષતા વગેરે ઈશ્વરના ગુણો ઈશ્વરનું જ સ્વરૂપ છે

**એક જ ઈશ્વર પ્રત્યે અનુભૂતિ સુદૃઢ કરવી હોય તો પરમાત્મા દ્વારા સર્જિત વિશ્વ અને વિશ્વમાં છૂપાયેલા નિયમોને જુઓ. નિયમો નિયામક તરફ દોરી જશે.**

(ગતાંકનું શેષ)

**ऋतेन देवः सविता शमायत ऋतस्य श्रृङ्गमुर्विया वि प्रपथे ।**
**ऋतं सासाह महि चित् पृतन्यतो मा नो वि यौष्टं सख्या मुमोचतम् ॥**
– ऋग्वेद (८-८६-५)

પરમાત્મા ઋતજ્ઞ છે. ઋતનું ક્ષેત્ર વૈશ્વિક છે. બ્રહ્માંડમાં દર્શનીય નિયમિતતા તે 'ઋત' ના પરિણામે છે. પિંડ = માનવીય શરીરમાં પ્રતિષ્ઠિત આત્માનો 'ઋતક્ષેત્ર' પિંડ અને પૃથિવી ઉપર જ મર્યાદિત છે. 'ઋતજ્ઞ' પરમાત્મા દ્વારા પ્રદત્ત ઋતવિદ્યા = વેદવિદ્યા વડે જ આ 'અલ્પજ્ઞ' પોતાના પિંડમાં રહી સુખ-શાન્તિમાં ક્રમશ: વૃદ્ધિ કરી 'ઋતવૃદ્ધ' બને છે. 'ઋતવૃદ્ધ' થતાં 'ઋતપા' એટલે વેદ વિદ્યા પ્રમાણે આચરણ કરતો કરતો ભૂ (સર્વ) લોકમાં 'શાન્તિદૂત' બની જાય છે.

આપણા શરીર = પિંડનું જો સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરીએ તો પરમાત્માના 'ઋત' વડે પોતાના ઉપર થતાં અસંખ્ય ઉપકારો સહજ રીતે જાણી શકાય. ઈશ્વરનો ઋત સાર્વભૌમિક (Universal) છે. આપણી આંખમાં નિહિત 'ઋત' આપણને વિશ્વદર્શન કરાવી શાન્તિ આપે છે. ગમે તે દેશનો માનવી હોય, દરેકને દર્શનાર્થ 'નેત્ર' ની જરૂર પડે જ. આંખની બાહ્ય રચના અને રંગ વગેરેમાં સામાન્ય ભેદ (અન્તર) ભલે હોય પણ તેની અન્દરનો પરોક્ષ ઈશ્વરીય 'ઋત' અખિલ બ્રહ્માંડમાં દરેક નેત્રધારીને સમાનરીતે દર્શનલાભ દ્વારા શાન્તિ અપાવી રહ્યો છે. આંખોની વિવિધતાથી 'ઋત' અપ્રભાવિત છે. દરેક અંગની પ્રણાલી જે નિયમથી સંચરિત થઈ અંગી=ભોક્તાને શાન્તિ-સુખ આપે છે, તે 'ઋત' છે. આંખની જેમ જ આપણે ઋતનું દર્શન શ્રોત્ર, નાક, જિહ્વા, ત્વચા, મસ્તિષ્ક, હૃદય વગેરે અંગોને આલંબન બનાવીને કરી શકીએ છીએ. માનવી ગમે તે દેશનો હોય, ઉપરની ચામડીનું આવરણ કાઢતાં અંદર 'ઋત' નું જ દર્શન થાય છે. સર્વ પિંડોની (શરીરો) અન્દર એ જ હૃદય, ફેફસાં, લીવર, પાચનતંત્ર, શ્વસનતંત્ર, રૂધિર પરિશોધન તંત્ર, રૂધિર અભિસરણ તંત્ર, ઉત્સર્જન-પ્રજનન અંગો, સંવેદન તંત્ર, મસ્તિષ્ક કાર્ય-પ્રણાલી સમ્બન્ધિત અદ્ભૂત અને વિચિત્ર રચના જોવા મળે છે. પિંડના અંદરની સર્વ સામાન્યતા = સાર્વભૌમિકતા એક જ સૃષ્ટિકર્તા સત્તા તરફ સંકેત કરી રહી છે. માનવીય શરીર હશે તો બાહ્ય લક્ષણોથી પણ એકત્વનું જ સાક્ષાત્ થશે. બે હાથ, બે પગ, બે આંખો, નાકના બે છિદ્રો, એક મસ્તિષ્ક, એક નાભિ, એક જીભ વગેરે પણ ઈશ્વરના એક 'ઋત' તરફ જ દિશાનિર્દેશ કરી રહ્યાં છે.

મનુષ્ય જ નહિ, પરંતુ ઈતર શરીરધારી પ્રાણીઓનાં શરીરમાં સ્થાપિત કરેલા વિવિધ કાર્યો સમ્પન્ન કરાવતાં વિવિધ અંગો, ઉપાંગો અને પ્રણાલીઓ સર્વ સામાન્ય (Universal Laws) નિયમના આધારે જે કામ કરતી હોય, તેમ સ્પષ્ટ રીતે પ્રત્યક્ષ છે. આ સાર્વભૌમિક નિયમ જ ઋત (Divine Law) છે.

એક જ ઈશ્વર પ્રત્યે અનુભૂતિ સુદૃઢ કરવી હોય તો પરમાત્મા દ્વારા સર્જિત વિશ્વ અને વિશ્વમાં છૂપાયેલા નિયમોને જુઓ. નિયમો નિયામક તરફ દોરી જશે. કોઈ પણ નિર્મિત વસ્તનું નિયમ પૂર્વક નિયમન કરનારી સર્વાધાર સત્તાને જાણ્યા સિવાય શાન્તિ પ્રાપ્તિ અસંભવ છે. સ્રષ્ટાની કળામાં પોતાની ગતિને અવરૂદ્ધ કરી કળાની આધારશિલા 'ઋત' થી દુર્લક્ષ બની જવું, આત્મ વંચના છે. 'કળા' દ્વારા કળાકાર સુધીની યાત્રા 'શાન્તિ યાત્રા' છે. કળાનું દર્શન સામાન્ય સ્તર માટે અનિવાર્ય છે, પરંતુ કળામાં ગૂઢ રીતે છુપાયેલા 'ઋત' નું દર્શન અસામાન્ય ઉપલબ્ધિ છે. કળામાં થતી વિશેષ આસક્તિ આશાન્તિ-પ્રસવિકા છે, જ્યારે કળામાં નિહિત જ્ઞાન=વિજ્ઞાન=ઋત પ્રત્યેની અનુરક્તિ=અનુરાગ-



**વેદવાણી**
**-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર) - ૦૨**

શાન્તિ=કલ્યાણ=સુખ પ્રસવિતા છે. જ્ઞાન-વિજ્ઞાન પ્રત્યેનો 'પ્રેમ' આપણને આપણા સાચા મિત્ર સુધી લઈ જવામાં અનિવાર્ય નિમિત્ત બને છે. 'કળાપ્રેમીના' સ્થાને 'ઋતપ્રેમી' બની 'ઋતજ્ઞ' ને પામી શુદ્ધ, નિત્ય-શાન્તિ અને સુખને પ્રાપ્ત કરો.

ઘણાં સમ્પ્રદાયો કહે છે કે, 'પ્રભુપ્રેમ માટે જ્ઞાન-વિજ્ઞાન-બુદ્ધિ વગેરે જેવા સાધનો નિરર્થક છે.' 'ધર્મ' માં અકલની દખલ ના જોઈએ; આવા વિધાન કરનારાઓ સર્વત્ર વ્યાપક ઈશ્વરના વિજ્ઞાનને કયાંથી સમજી શકે ? કોઈ પણ વ્યક્તિનો આપણા ઉપરનો ઉપકાર તેમનામાં રહેલી વિદ્યા ઉપર જ આધારિત છે. એક વિદ્વાન = શિક્ષિત માતા-પિતા-આચાર્ય-વિદ્વાન જે રીતે આપણને શાન્તિ સુખ આપી શકશે, તે રીતે એક અવિદ્વાન-મૂર્ખ-અશિક્ષિત વ્યક્તિ નહીં આપી શકે. પરમાત્મા આપણને સર્વોત્તમ સુખ એટલા માટે જ આપી શકે છે, કારણ કે તે સર્વ વિદ્યાઓનું મૂળ છે. સર્વ સત્યવિદ્યા અને વિદ્યા વડે જે પદાર્થો જાણવામાં આવે છે, તે સર્વનું મૂળ પરમેશ્વર છે.

આ મજહબી = સમ્પ્રદાયવાદી લોકોના ઈશ્વર તો ઉન્મત્ત = ઉચ્છૃંખલ રાજા જેવા છે, જે ગમે તે આડાં-અવડા, સીધાં-ઉલ્ટાં, ન્યાયી-અન્યાયી કર્મો કરી શકે છે. તેમના ઉપર કોઈ 'ઋત=કાનૂન' લાગૂ પડતો નથી. એના કારણે જ મજહબી લોકો શક્તિશાળી થતાં 'ઋત'થી ઉપરવટ જઈ બીજાઓ ઉપર અમાનવીય= અન્યાયી કૃત્યો કરતાં ખચકાતા નથી.

અગ્નિ અને ઉષ્ણતા જેવી રીતે એક બીજાથી અભિન્ન છે, તેવી જ રીતે 'ઈશ્વર' અને 'ઋત' એક બીજાથી અભિન્ન છે. ઈશ્વર ઋતગુણવાળો ન હોય તો ન્યાય=ધર્મ=સદાચાર=સત્કર્મનો ઉપદેશક કેવી રીતે હોઈ શકે ? ઈશ્વર, એ જ 'ઋત' છે. ન્યાય, સત્ય, જ્ઞાન, આનન્દ, નિષ્પક્ષતા વગેરે ઈશ્વરના ગુણો ઈશ્વરનું જ સ્વરૂપ છે; ઈશ્વરથી અલગ તેમનું અસ્તિત્વ ક્યાં રહે ?

શાન્તિ સ્થાપિત કરવાની બે રીતો છે. એક તો વાણી દ્વારા સમજાવટ વડે દુષ્ટ કર્મોથી વાળી માણસને 'શાન્તિમાર્ગ' તરફ વાળવા; બીજું 'દંડવિધાન' વડે દુષ્ટ કર્મો કરતા માનવીને દુષ્ટ કર્મો કરતાં અટકાવી તેમનામાં સુધાર તેમજ સમાજ-જીવનમાં શાન્તિ-સુખ (Law and Order) ની સ્થાપના કરવી. ઈશ્વર પણ બંને રીતે શાન્તિની સ્થાપના માટેની વ્યયસ્થા કરે છે. 'શ્રેષ્ઠ કર્મ' કરનારાઓને શાન્તિ=સમાધાન આપી, સમાધિ અવસ્થામાં પરમાનંદ અને પરમ શાન્તિ આપી, મોક્ષસુખ આપે છે અને ઈશ્વરના ઋત (Law) ના ઉલ્લંઘન કરનાર આસુરી બળયુક્ત દુષ્ટોને દંડ-વિધાન દ્વારા નિયંત્રિત કરી 'શાન્તિ-સ્થાપક' તરીકેની ભૂમિકા ભજવે છે. ઈશ્વરના 'દંડપાશ' સર્વત્ર ફેલાયેલાં છે. કોઈ પણ વ્યક્તિ પરમાત્માની રાજ્ય-સીમા/શાસન-સીમાથી બહાર નથી. કોઈ પણ વ્યક્તિ 'ઋત' નો ભંગ દીર્ઘકાળ સુધી કરીને તેજ સ્થિતિમાં અસ્તિત્વ ધરાવી શકે નહિ. દુષ્ટ કર્મો એક મર્યાદા સુધી જ દુષ્ટ-વ્યક્તિ વડે અશાન્તિ ફેલાવે છે, પછી દુષ્ટ કર્મોના આશ્રયી દુર્જનનું માનવી શરીર ઝૂંટવી પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરેની શરીરોમાં દંડરૂપે મૂકી, તેમની અશાંતિ આપનારી ક્રિયાઓથી સમાજને મુક્તિ આપી 'શાન્તિ-સ્થાપન' નું કાર્ય ન્યાયકારી ઈશ્વર દ્વારા જ કરવામાં આવે છે. દુષ્ટ વ્યક્તિને યોનિ-પરિવર્તન દ્વારા દંડ આપી બીજાઓ માટે 'શાન્તિદાયક' ની ભૂમિકામાં મૂકી પરમાત્મા પોતાના 'ઋત' ગુણને સાર્થક કરે છે. કોઈ પણ દુષ્ટાત્માને ભયંકર દંડો (દુ:ખો) આપવાના કાર્ય યમસ્વરૂપ=વરૂણદેવ પોતે જ ન્યાયપૂર્વક કરે છે, કારણ કે યોનિ પરિવર્તન અને યોનિ-સર્જન સમ્બન્ધિત 'ઋત=જ્ઞાન' તેમની પાસે જ છે.

વિદ્વાન સ્ત્રી-પુરુષે સાથે મિત્રતા કરી તેમનું જ્ઞાન-વિજ્ઞાન પોતાનામાં ઉતારી (પ્રયાણ) મહાપ્રસ્થાન=મોક્ષયાન તરફ સંક્રાન્તિ કરીએ. ઋષિ અને ઋષિકાઓ જ પરમાત્માના 'ઋત' ને સમજી 'આર્ય' બની અખિલ વિશ્વને આર્ય=શ્રેષ્ઠ બનાવવામાં સમર્થ બને છે. એક જ 'ઋતજ્ઞ' પરમાત્માના સંવિધાનની 'છત્રછાયા' માં સમ્પૂર્ણ માનવજાતિને એકત્રિત (સંગઠિત) થઈ જવા વેદવાણી આમંત્રણ આપે છે, જેથી ચતુર્દિશ ફેલાયેલી અશાન્તિ,દુ:ખ, અવિશ્વાસ, દ્વેષ વગેરેનો સમ્પૂર્ણ વિનાશ થઈ શકે અને આપણી 'પૃથિવી' શાન્તિવાહિની = સુખદાયિની બની શકે. **(સંપૂર્ણ)**



**ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...**

www.santodhavramvedicgurukul.com

## ન્યાયદર્શન પાન ૧નું શેષ.....

પાન ૧નું શેષ.....

આવ્યા હતા. આ પ્રસંગે ન્યાયદર્શનનો અભ્યાસ કરી રહેલા બ્રહ્મચારીઓએ પોતાના અનુભવો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. આ ઉપરાંત ઉપસ્થિત વિદ્વાનોના પ્રવચનનો લાભ પણ પ્રાપ્ત થયો હતો.

આ અવસર પર પૂ. સ્વામી સત્યપતિ જી પરિવ્રાજક, આચાર્ય જ્ઞાનેશ્વરજી, આચાર્ય આનંદપ્રકાશજી (અલિયાબાદ), આચાર્ય સત્યેન્દ્રજી (અજમેર) વાનપ્રસ્થી ઓમ્મુનિજી (મંત્રી, પરોપકારિણી સભા, અજમેર) શ્રી સત્યનારાયણજી જૂઈવાલા (સામાજીક કાર્યકર્તા), શ્રી સુભાષજી નવાલ (કોષાધ્યક્ષ, પરોપકારિણી સભા, અજમેર), શ્રી મનસુખભાઈ વેલાણી (પ્રધાન, આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ) સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી પોતાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આગામી ૧૨ જૂલાઈ ૨૦૧૪થી ૮ મહિના માટે ૧૧ ઉપનિષદ્ તથા વેદાન્ત દર્શનનું અધ્યાપન કરાવવામાં આવશે આ અધ્યાપનમાં ભાગ લેવા માટે વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**અગ્નિપથ પરિવાર તરફથી શ્રી ભાવપ્રકાશ ગાંધીને ખૂબ ખૂબ અભિનંદન.......**

ગાંધીનગરના વૈદિક પરિવારના સભ્ય શ્રી મહેન્દ્રભાઈ ગાંધીના સુપુત્ર શ્રી ભાવપ્રકાશ ગાંધીને ગુજરાત સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદ યુવા ગૌરવ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. અગ્નિપથ પરિવાર તરફથી શ્રી ભાવપ્રકાશ ગાંધીને ખૂબ ખૂબ અભિનંદન



# કાશ્મીરની સમસ્યાનું મૂળ ગાંધી અને નહેરૂ છે !

**જ્યારે મિરપુરના રહેવાસીઓને ખબર પડી કે તેમના શહેર પર પાકિસ્તાની સૈનિક અને પઠાણોનું આક્રમણ થવાનું છે તો એમનું એક પ્રતિનિધિ મંડળ નહેરુને જમ્મુ વિમાની મથકે મળ્યું અને સૈનિક સુરક્ષા માટે વિનંતિ કરી. એ વખતે નહેરુએ જવાબ આપ્યો કે "હું શું કરવા મિરપુરમાં સેના મોકલુ ? તમે લોકોએ શું શુભ કાર્ય કર્યું છે ?"**

આમ જોવા જઈએ તો જવાહલાલ નહેરુનું અસ્તિત્વ ગાંધીજીને કારણે જ હતું. એટલા માટે જે જે દેશ વિરોધી કામ તેમણે કર્યું એના માટે ગાંધીજી જ જવાબદાર છે. પોતાની ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૮ ની પ્રાર્થના સભામાં ગાંધીજીએ કહ્યું હતું કે દરેકના મનમાં પ્રસન્નતા હશે કે આપણા સુંદર દેશે એક અસલી જવાહર જેવો જવાહર પેદા કર્યો છે જે દેશ સેવા તથા આત્મ બલિદાનની ભાવનાથી પરિપૂર્ણ છે. (દિલ્હી ડાયરી, પૃષ્ઠ ૩૬૨) આ પ્રકારની પ્રસંશા ગાંધીજી વારંવાર કરતાં હતા.

કાશ્મીરના મહારાજાને સત્તા પરથી દૂર કરવામાં અને શેખ અબ્દુલ્લાના હાથમાં શાસન સોંપવામાં પણ ગાંધીજીનું જ ષડ્યંત્ર હતું. પોતાની ૨૫-૧૨-૧૯૪૭ની પ્રાર્થના સભામાં તેમણે કહ્યું હતું કે શેખ અબ્દુલ્લા કાશ્મીરના વાસ્તવિક નેતા છે. કાશ્મીરની મુસલમાન જનતા શેખ સાહેબનું પૂરું સન્માન કરે છે. ત્યાંના મુસલમાનો તથા મુસ્લિમ મહિલાઓ ઉપર અત્યાચાર માટે સંપૂર્ણ રીતે મહારાજા દોષીત છે. હું મહારાજાને સલાહ આપુ છું કે ત્યાનું શાસન શેખ અબ્દુલ્લા અને મુસલમાન જનતાને સોંપી દે....(દિલ્હી દાયરી પૃષ્ઠ ૨૮૩). ગાંધીનું આ વક્તવ્ય ઈસ્લામિક કટ્ટરપંથીઓ કરતાં પણ વધુ ભયંકર હતું. તેઓ તો માત્ર મુસ્લિમ બહુમતિ ધરાવતું કાશ્મીર લઈને સંતુષ્ઠ થઈ જાત, પરંતુ ગાંધી તો હિન્દુ બહુમતિ ધરાવતું જમ્મુ તથા બુદ્ધ બહુમતિ ધરાવતું લદાખ પણ મુસલમાનોના પ્રતિનિધિ શેખ અબ્દુલ્લાને આપવા માગતા હતા. ફરીથી આજ તર્કને આધારે ભારતને પણ હિન્દુના પ્રતિનિધિ ગણીને શાસન કરવા આપવું જોઈએ.

હકીકત એવી હતી કે કાશ્મીર ઉપર પઠાણો અને પાકિસ્તાની સૈનિકોએ આક્રમણ કરેલું હતું અને અનેક શહેરોમાં હિન્દુઓની હત્યા, હિન્દુ સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવી રહ્યું હતું. જ્યારે મહારાજે નહેરુ પાસે સૈનિક સહાયતા માગી હતી ત્યારે નહેરુને તરત સેના મોકલવાની સલાહ આપવાને બદલે ગાંધીએ મહારાજ ઉપર ખોટો આરોપ લગાડ્યો હતો. આ રીતે ગાંધીએ બે પાપ કર્યા. એક હિન્દુઓ પર થતા અત્યાચારોને છુપાવવાનું અને બીજુ, મુસલમાનો ઉપર અત્યાચાર થઈ રહ્યાં છે એમ જાહેર કરવું.

બરાબર ગાંધીની વિચારસરણીને અનુસરીને નહેરુએ મહારાજ હરિસિંહને સ્પષ્ટપણે જણાવી દીધું કે, પહેલા શેખ અબ્દુલ્લાને શાસન સોંપી અને તમે પોતે કાશ્મીર છોડી જતાં રહો. એ પછી જ કાશ્મીરનો ભારતમાં વિલય થયેલો માનવામાં આવશે અને નાગરિકોની રક્ષા માટે સેના મોકલવામાં આવશે. (પૃષ્ઠ ૨૩૦ કન્વર્ટેડ કાશ્મીર - નરેન્દ્ર સહગલ) આના પરિણામે પઠાણ અને પાકિસ્તાની સૈનિકો અને શહેરોમાં હિન્દુઓનો વધ કરતાં કરતાં કાશ્મીર સુધી આવી પહોચ્યાં. અહીંયા માત્ર મિરપુરની એક અત્યંત દુ:ખદ ઘટનાનો ઉલ્લેખ કરવા ઈચ્છુ છું જેનાથી એ સ્પષ્ટ થઈ જશે કે પાકિસ્તાની મુસલમાનોએ કેવો અમાનવીય અત્યાચાર કર્યો હતો અને એના માટે ગાંધી અને નહેરુ બંને અપરાધી છે.

૧૯૪૭ સુધી મિરપુરની વસ્તી દસ હજાર જેટલી હતી. જેમાં ૨૦ % મુસલમાન અને ૮૦ % હિન્દુઓ હતા. પાકિસ્તાનની રચના થતાં ત્યાંના મુસલમાનો યોજનાબદ્ધ રીતે પોતાનો સામાન લઈને સુરક્ષિત રીતે પાકિસ્તાન જતા રહ્યાં. ઘણાં મુસલમાનોએ પોતાના હિન્દુ મિત્રોને સલાહ આપી કે તેઓ પણ સુરક્ષિત જગ્યાએ પહોંચી જાય અહીંયા આક્રમણ થવાનું છે. પરંતુ પાકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાંથી ઘણી મોટી સંખ્યામાં હિન્દુ શરણાર્થીઓ મિરપુર આવી ગયા અને ત્યાંની વસ્તી પચ્ચીસ હજાર સુધી પહોંચી ગઈ.

જ્યારે મિરપુરના રહેવાસીઓને ખબર પડી કે તેમના શહેર પર પાકિસ્તાની સૈનિક અને પઠાણોનું આક્રમણ થવાનું છે તો એમનું એક પ્રતિનિધિ મંડળ નહેરુને જમ્મુ વિમાની મથકે મળ્યું અને સૈનિક સુરક્ષા માટે વિનંતિ કરી. એ વખતે નહેરુએ જવાબ આપ્યો કે "હું શું કરવા મિરપુરમાં સેના મોકલુ ? તમે લોકોએ શું શુભ કાર્ય કર્યું છે ?" અંતે ૨૩ નવેમ્બર, ૧૯૪૭માં પઠાણોની સેના મિરપુરમાં પ્રવેશ કરી ગઈ. ૨૫ નવેમ્બરના રોજ મહારાજાના સ્થાનિક પ્રસાશક રાવ રત્નસિંહ પણ છુપાઈને ત્યાંથી ભાગી ગયાં કારણ કે સ્થાનિય સુરક્ષા ખુબ નહિવત હતી. આ પરિસ્થિતિમાં બધા હિન્દુઓ ગભરાઈ ગયા અને સ્ત્રીઓને મુસલમાનો ઉઠાવી ન જાય તેથી તેમણે પોતાની સ્ત્રીઓને મારી નાંખી. જે લોકો એ સુરક્ષા માટે પોતાના ઘરના દરવાજા બંધ કરી નાંખ્યા હતા તેમને મારી નાંખવામાં આવ્યાં અથવા બંદી બનાવીને તેમને અનેક યાતનાઓ આપી મારી નાંખવામાં આવ્યાં.

જે હિન્દુઓ જમ્મુ તરફ જઈ રહ્યાં હતા તેમને રસ્તામાં પકડી લેવામાં આવ્યા અને "અલી બેગ કેમ્પ"માં ભેગા કરવામાં આવ્યાં. એમાંથી જે સુંદર છોકરીઓ હતી તેમનું અપહરણ કરીને પાકિસ્તાન લઈ જવામાં આવી. પુરુષોને મજૂરી કરાવવાના બહાને બહાર લઈ જઈને અનેક પ્રકારની યાતનાઓ આપી મારી નાંખવામાં આવ્યાં. અંતે જ્યારે આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસની મદદ પહોંચી ત્યારે માત્ર ૪,૬૦૦ લોકો જ બચ્યાં હતા અને ૨૫,૦૦૦ માંથી ૨૦,૪૦૦ નો કોઈ પત્તો લાગ્યો નહીં. (The Fall of Mirpur by S. Kumar Mahajan, ORGANISER dt. 04-01-98 સહ The Tribune Sunday Reading dated 21-11-1999 Tearful Memories of the Town that was by Sansar Chander) "અલી બેગ કેમ્પ" પહોંચ્યા પછી અનેક સ્ત્રીઓ અને છોકરીઓએ 'અપર જેલમ નહેર' માં છલાંગ મારીને પોતાના સતીત્વની રક્ષા કરી હતી.

એટલું જ નહિં જે પાકિસ્તાને આ બધા અત્યાચાર કર્યા તેને ગાંધીજી મહારાજે ૫૫ કરોડ રૂપિયા અપાવવા માટે આમરણ ઉપવાસ આદર્યા હતાં. આનાથી મોટું પાપ અને દેશદ્રોહ બીજો ક્યો હોઈ શકે?

**- આનંદ પ્રકાશ મદાન**

# કોંગ્રેસ દ્વારા હોદ્દા સ્વીકારવાનો અર્થ એ નથી કે પક્ષ ભવિષ્યમાં પણ બંધારણની મર્યાદાઓમાં રહીને કામ કરશે



**ભારતની સ્વતંત્રતાના વીર નાયક**

**સુભાષચંદ્ર બોઝ**

**-ચૈતન્ય દેસાઈ (૧૨)**

યુરોપના આ પ્રવાસ દરમ્યાન તેમણે 'ઈન્ડિયન પિલગ્રિમ' નામે આત્મકથા લખી. તથા પોતાની પ્રિયતમા એમીલી સાથે સાવ સાદાઈથી હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કર્યા. વોન દ્રોટે સાક્ષીની સહી કરી, એમીલી મૈકિલ સાથે પ્રેમ અને ભાવનાના વાતાવરણમાં થોડા માસ ગાળીને તેઓ પૂરેપૂરા સ્વસ્થ બની ગયા.

૮ જાન્યુઆરી, ૧૯૩૮માં દેશના કામ માટે તેઓ બ્રિટન ગયા. બ્રિટનમાં તેમને સમાચાર મળ્યા કે ભારતમાં તેમની ગેરહાજરીમાં પણ તેમન કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કર્યા છે. તેમણે ઉત્સાહમાં જણાવ્યું કે ' ભારતની સમસ્યા કેવળ ભારતની જ રહી નથી પરંતુ તે સમસ્ત વિશ્વની સમસ્યા બની છે. આ વાતને વિશ્વના બધા નેતાઓએ સ્વીકારવી જ પડશે. વિદેશોનાં પ્રગતિશીલ આંદોલનોનો નજીકનો સંબંધ કેવળ ભારતનું જ કલ્યાણ નહિં, પીડિત સમસ્ત માનવજાતનું કલ્યાણ કરશે.'

ઈંગ્લેન્ડમાં સુભાષચંદ્ર ત્યાંના અનેક મહત્વના નેતાઓને મળ્યા. લોર્ડ એલ્લે, લોર્ડ અર્નેસ્ટ બેવિન, લોર્ડ હેલિફોક્સ, લોર્ડ જૈટલેંડ, એટલી, ક્રિપ્સ વગેરે નેતાઓ સુભાષના વ્યક્તિત્વથી વિશેષ પ્રભાવિત થયા. સુભાષચંદ્ર બોઝની ડી. વેલેરા સાથેની મુલાકાત અત્યંત ઉલ્લેખનીય રહી. તેમણે સુભાષનું વિશેષ સન્માન કર્યું. તેમનો લાગ્યું કે ભારતની સમસ્યાઓનો ઉકેલ કરવા માટે સુભાષચંદ્ર પૂરેપૂરા સક્ષમ છે. સુભાષની મુલાકાત બાદ ત્યાંના વર્તમાનપત્ર માંચેસ્ટર ગાર્ડિયને લખ્યું ' જે જે અંગ્રેજો સુભાષચંદ્ર બોઝને મળ્યા તેઓ તેમની ગમી જાય એવી શાંત રીતભાતથી તેમજ હિંદની બાબતો વિષેની ચર્ચામાં તેમની અડખ નિશ્ચયાત્મક દ્રષ્ટિથી એમ બંને રીતે પ્રભાવિત થયા છે. '

(૪)

### રાષ્ટ્રનાયક સુભાષ અને કોંગ્રેસ

સુભાષની રાષ્ટ્રભક્તિ અને કાર્યશક્તિથી પ્રભાવિત થઈ કોંગ્રેસે તેમને પ્રમુખ બનાવવાનું નક્કી કર્યું.

ભારતની સૌથી મોટી અને વ્યાપક લોકસમર્થન ધરાવતી ૧૯૩૫ની પ્રાંતીય સ્વરાજ્યની ચૂંટણીઓમાં સાત પ્રાંતોમાં બહુમતી મેળવનાર કોંગ્રેસના પ્રમુખપદ પર આ રીતે આરૂઢ થવું એ માંડ ૪૦ની વયેના તરવરિયા ક્રાંતિકારી યુવક માટે નિઃશંક એક મોટી સિદ્ધિ હતી.

ગુજરાતના સુરત જિલ્લામાં તાપી કાંઠે આવેલા ગામ હરિપુરા ખાતે મહાસભામાં પક્ષ પ્રમુખ તરીકે સુભાષબાબુનું ગુજરાતે ભવ્ય સ્વાગત કર્યું. સુભાષબાબુને ૫૧ જોડી બળદથી ખેંચાતા રથમાં બેસાડી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. વાંસદાના મહારાજાએ ૧૦૦ ફૂટ ઉંચો વાંસ ધ્વજવંદન માટે તથા ખાસ શણગારેલો ભવ્ય રથ મોકલ્યા હતા. આ કોંગ્રેસનું એકાવનમું અધિવેશન હતું. વિઠ્ઠલભાઈ પટેલના નામે રચાયેલા વિઠ્ઠલનગરમાં કોંગ્રેસનું કામકાજ ધમધોકાર ચાલતું હતું. બે લાખથી વધારે જનસંખ્યા એકઠી થઈ હોવા છતાં ભોજન, સફાઈ, નિવાસ, બેઠક, ચોકી-પહેરો, આ બધામાં કોઈ પ્રકારની અગવડ નહોતી. તે સાંજે અધ્યક્ષની અભૂતપૂર્વ શોભાયાત્રા નીકળી હતી. સફેદ ખાદીમાં સુભાષચંદ્ર આજે વધારે પ્રસન્ન અને શાનદાર દેખાતા હતા. કોંગ્રેસ અધિવેશનમાં સુભાષબાબુનું વક્તવ્ય દેશ અને દુનિયાના સામાજિક, રાજકીય અને આર્થિક દર્શનનું જ્ઞાન ઠાંસી ઠાંસીને દર્શાવનાર હતું. વક્તવ્યના આરંભમાં તેમણે જવાહરલાલ નહેરુની માતા સ્વરૂપરાણી, જગદીશચંદ્રબોઝ, સાહિત્યકાર શરદચંદ્ર, શહીદ જતીનદાસ, મહાવીરસિંહ, રામકૃષ્ણ રામદાસ, મોહિત મોહન મૈત્ર, હરેન્દ્ર મુનશી, સરદાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. સુભાષબાબુએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે, જેની જડ ખૂબ ઉંડી હતી એવાં વિશ્વનાં સામ્રાજ્ય બધાં નષ્ટ થઈ ગયાં હતાં. બ્રિટિશ સામ્રાજ્ય જે વેગથી વૈભવ અને સંપત્તિના ઉંચા શિખરે પહોંચ્યું છે એ જ વેગથી ગબડીને અંતે અદ્રશ્ય ગર્તામાં જઈને જમીનદોસ્ત થઈ જશે. બ્રિટિશ સામ્રાજ્ય માટે કોઈ અલગ નિયમાવલી બનાવી નથી. બ્રિટનની ' ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિની પણ તેમણે આકરી ટીકા કરી. આવી રીતે ભારતના ભાગલા પાડી સત્તાંતરણની પ્રક્રિયા અર્થહીન બનાવવાની બ્રિટનની પેરવી અંગેનો સંદેહ પણ વ્યક્ત કર્યો. તેમણે સરકારને ચીમકી આપી કે કોંગ્રેસ દ્વારા હોદ્દા સ્વીકારવાનો અર્થ એ નથી કે પક્ષ ભવિષ્યમાં પણ બંધારણની મર્યાદાઓમાં રહીને કામ કરશે. જરૂર પડ્યે વધુ વ્યાપક અને ઉગ્ર આંદોલનનો આશરો લેવામાં પણ આનાકાની નહીં કરે. સુભાષબાબંએ તેના આ વક્તવ્યમાં ગાંધીજીના ભારોભાર વખાણ કર્યા અને પક્ષની એકતા, રાષ્ટ્રની આઝાદી અને માનવતાના હેતુ માટે ગાંધીજીનું નેતૃત્વ ખૂબ જ મહત્વનું ગણાવ્યું.

આ અધિવેશનમાં અલ્પસંખ્યકોના રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને સંપૂર્ણ તકો મળે એમ તેમણે દ્રઢપણે જણાવ્યું. સંગઠન માટે નાગરિક સ્વાતંત્ર્ય, અલ્પસંખ્યકોની સંસ્કૃતી અને લિપિને સંરક્ષણ, પ્રત્યેક પ્રૌઢ વ્યક્તિને મતાધિકાર મળે, સંચાર સ્વાતંત્ર્ય અને સમાન કાયદા, આ મૂળભૂત હક્કોનો સિંદ્ધાંત એમણે ફરીથી પુરસ્કાર્યો. રાષ્ટ્રીય શિક્ષણ માટે અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાની સ્થાપનાનો ઠરાવ ઉપરાંત કાનૂન ભંગનો પુરસ્કાર, રાષ્ટ્રીય સ્વયંસૈનિકના સંગઠન, કિસાન અને મજૂરોના પ્રશ્નો, આંતરરાષ્ટ્રીય સંબંધોનો વિકાસ તથા આયોજન પંચની સ્થાપનાના મુદ્દાને પ્રાધાન્ય આપ્યું. **(ક્રમશઃ)**

# विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात्। सं बाहुभ्यां धमति संपतत्रैर्धावाभूमी जनयन्देवऽएकः।।

**(यजु.अ.१७/मं.१६)**

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

**૩૯**

**સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક**
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ :-**

हे मनुष्यों ! तुम लोग जो (**विश्वतश्चक्षुः**) सब संसार को देखने वाला (**उत**) और (**विश्वतोमुखः**)सब ओर से सब को उपदेश करने वाला (**विश्वतोबाहुः**) सब प्रकार से अनन्त बल तथा पराक्रम से युक्त (**उत**) और (**विश्वतस्पात्**) सर्वत्र व्याप्ति वाला (**एकः**) अद्वितीय सहायरहित (**देवः**) स्वप्रकाशस्वरूप (**पतत्रैः द्यावाभूमी सं, जनयन्**) क्रियाशील परमाण्वादि से सूर्य और पृथिवी लोक को कार्यरूप में प्रकट करता हुआ (**बाहुभ्यां**) संधमति अपने अनन्त बल पराक्रम से सब जगत् को अच्छी प्रकार प्राप्त हो रहा है उसी परमेश्वर को अपना सब ओर से रक्षक उपास्यदेव जानो।(ऋ.दया. कृत यजु.भाष्य)

**भावार्थः-**

जो सूक्ष्म से सूक्ष्म, बड़े से बड़ा, निराकार, अनन्त सामर्थ्य वाला, सर्वत्र अभिव्याप्त, प्रकाशस्वरूप, अद्वितीय परमात्मा है वही अति सूक्ष्म कारण से स्थूल कार्यरूप जगत् के रचने और विनाश करने को समर्थ है। जो पुरुष इसको छोड़कर अन्य की उपासना करता है उससे अन्य जगत् में भाग्यहीन कौन पुरुष है ? (ऋ.दया.कृत यजु. भाष्य)

**व्याख्यान :-**

विश्व (सब जगत् में) जिस का चक्षु(क) (दृष्टि) है, जिससे अदृष्ट कोई वस्तु नहीं तथा सर्वत्र, मुख, बाहु, पग व अन्य श्रोत्रादि भी हैं अर्थात् सर्वदृक्, सर्ववक्ता, सर्वाधारक और सर्वगत व्यापक ईश्वर है। उसी से जब डरेगा तभी ध र्मात्मा होगा, अन्यथा कभी नहीं।

वही विश्वकर्मा परमात्मा एक ही अद्वितीय है। पृथ्वी से लेकर स्वर्ग पर्यन्त जगत् का कर्त्ता है। जिस-जिस ने जैसा-जैसा पाप या पुण्य किया है, उस-उसको न्यायकारी, दयालु, जगत्पिता पक्षपात छोड़कर अनन्त बल और पराक्रम इन दोनों बाहुओं से सम्यक् 'पतत्रैः' प्राप्त होने वाले सुख-दुःख फल दोनों से प्राप्त सब जीवों को **'धमति'** (धमन-कम्पन) यथायोग्य जन्ममरणादि को प्राप्त करा रहा है।

उसी निराकार , अज, अनन्त, सर्वशक्तिमान्, न्यायकारी, दयामय, ईश्वर से अन्य को कभी न मानना चाहिए। वही याचनीय, पूजनीय हमारा प्रभु स्वामी इष्टदेव है। उसी से सुख हम को होगा, अन्य से कभी नहीं। (आर्याभिविनय)

**टिप्पणी :-**

(क) ईश्वर शरीरादि से रहित है क्योंकि वेद में 'अकायम्' आदि कहकर उसके शरीर धारण का निषेध किया है। फिर उसके चक्षु आदि कदापि सम्भव नहीं हैं ! प्रस्तुत मन्त्र में चक्षुरादि शब्द शरीर के अवयवों के वाचक कदापि नहीं हैं, प्रत्युत यौगिक अर्थ को बताते हैं। महर्षि दयानन्द ने इस विषय को अन्यत्र इस प्रकार स्पष्ट किया है - (**अपाणिपादो जवनो०**) यह उपनिषत् का वचन है। परमेश्वर के हाथ नहीं परन्तु अपनी शक्तिरूप हाथ से सबका रचन, ग्रहण करता है। पग नहीं परन्तु व्यापक होने से सबसे अधिक वेगवान् है। चक्षु का गोलक नहीं परन्तु सबको यथावत् देखता, श्रोत्र नहीं तथापि सबकी बातें सुनता, अन्तःकरण नहीं परन्तु जब जागत् को जानता है। ---- वह इन्द्रियों और अन्तःकरण के बिना अपने सब काम अपने सामर्थ्य से करता है। (स.प्र.सप्तम समुल्लास)

(ख) 'ईश्वर अपने अनन्त बल पराक्रम से सब जगत् को अच्छी प्रकार प्राप्त हो रहे हैं' का तात्पर्य यह है कि जगत् का निर्माण, धारण या रक्षण तथा प्रलय निरन्तर ईश्वर के अनन्त बल व पराक्रम से हो रहा है।

(ग) ईश्वर का नाम 'विश्वतोमुख' है क्योंकि ईश्वर सब ओर से सब सज्जनों की आत्मा में अन्तर्यामीरूप से विज्ञानादि प्रेरित करने वाले हैं अथवा स्वशक्ति से सब जीवों के हृदय में नित्य सत्योपदेश (भय, लज्जा, शंका, आनन्द, उत्साहादि के रूप में) करने वाले हैं अथवा सब ओर ईश्वर का मुख अर्थात् उत्तम ऐश्वर्य है।

(घ) वेदभाष्य में 'पतत्रैः' के दो अर्थ किये हैं (१.) क्रियाशील परमाणु आदि से (२.) प्राप्त होने वाले सुख-दुःख फलों से। यह शब्द पत्लृ गतौ (भ्वा.) धातु से अत्रन्-प्रत्यय लाने पर बनता है = पत्+अत्रन् पतत्र। गति का अर्थ क्रिया व प्राप्ति भी होता है।

(ङ) ईश्वर से डरने वाला धार्मिक बनता है। 'अधर्माचरण करने से ईश्वर की दण्ड व्यवस्था में बड़ी-बड़ी दुःखरूप योनियों को प्राप्त होऊंगा' ऐसा बार-बार विचारने से तथा हर क्षण कर्माध्यक्ष, सर्वसाक्षी ईश्वर को अपने समीप उपस्थित जानने का अभ्यास करने से व्यक्ति मन में भी पाप की इच्छा नहीं करता।

(प) ईश्वरोपासना से मन-इन्द्रियाँ वश में होती हैं तथा सहनशक्ति बढ़ती है। ईश्वरीय आनन्द व गुणों की प्राप्ति होती है। आत्मसाक्षात्कार होकर ईश्वर का दर्शन व मुक्ति की प्राप्ति होती है। ईश्वरोपासना से राग, द्वेषादि दोष तथा अभिमान एवं निराशा का भी नाश हो जाता है। ईश्वर में अटूट विश्वास, निर्भयता आदि की प्राप्ति होती है। उपासक चरित्रवान् व परोपकारी बनता है। महर्षि दयानन्द जी ने सांसारिक लोगों के द्वारा किये गये सब प्रकार के छल-कपट, मान अपमान सहकर अनेक बार विषपान करने पर भी आर्यसमाज की स्थापना करके वैदिक धर्म के प्रचार का जो अभूतपूर्व कार्य किया जिसकी साधारण मानव कल्पना भी नहीं कर सकता। उसका कारण ईश्वरोपासना ईश्वरभक्ति है। **(ક્રમશઃ)**

# સાધકને ઈશ્વર-જીવ-પ્રકૃતિના વિષયમાં મિથ્યા જ્ઞાન હોવાથી ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપના વિષયમાં સંશય ઉત્પન્ન થાય છે

**સત્યોપદેશ - ૨**

**ઉપદેશક - સ્વામી સત્યપતિજી**
**અનુ.- જયાબેન પોરિયા (યુકે)**
**૦૯**



૮. **ઉપાસનામાં મન કેમ નથી લાગતું ? તેનાં થોડાં કારણો -:**

૧. સાધક ઈશ્વરને સમસ્ત દુઃખોથી રહિત, નિત્યાનંદથી પરિપૂર્ણ અને સમસ્ત પદાર્થો કરતાં શ્રેષ્ઠ માનતો નથી.

૨. સાધક એમ સમજે છે કે સ્વતઃ (વિના કારણ) જ વિષયોની ઈચ્છા થાય છે, હું નથી કરતો.

૩. સાધક માને છે કે મન ચેતન છે અને ચેતન હોવાથી મન સ્વતઃ જ વિષયોમાં ચાલ્યું જાય છે, હું તેને મોકલતો નથી.

૪. સાધક ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરતા પહેલા તેનાથી પેદા થતા લાભ અને ન કરવાથી થનાર હાનિઓને જાણતો નથી.

૫. સાધક પાંચ ઈન્દ્રિયોના વિષય ભોગમાં વિશુદ્ધ સુખ માને છે, વિષયોમાં ચાર પ્રકારના દુઃખો જેવા કે- પરિણામ-દુઃખ, તા-દુઃખ, સંસ્કાર દુઃખ, ગુણવૃત્તિવિરોધ-દુઃખને માનતો નથી.

૬. સાધક સત્ય-અસત્ય, હાનિ-લાભ અને પદાર્થોના ગુણ-કર્મ-સ્વભાવનું વધારે પરિક્ષણ કરતો નથી તેથી તે હાનીકારક પદાર્થોને ગ્રહણ કરી લે છે અને લાભદાયક અર્થાત સર્વશ્રેષ્ઠ ગુણયુક્ત ઈશ્વરને છોડી દે છે.

૭. સાધકને લાગે છે કે જે સ્થાનમાં, અર્થાત શરીરમાં હૃદય-દેશમાં ઈશ્વરની પ્રાપ્તિ થાય છે તે સ્થાનમાં ઈશ્વરની પ્રાપ્તિ નહીં થાય પરંતુ કોઈ દૂર દેશમાં થશે.

૮. સાધક ઈશ્વર-સાક્ષાત્કાર કરનારને દુઃખી માને છે અને જે લોકો ધન-સંપત્તિ, રાજ્ય વગેરે ઐશ્વર્યોના અધિકારી છે તે બધાને સર્વોત્તમ સુખી માને છે.

૯. સાધક આત્મા,મન અને બુદ્ધિ પર સતત અંકુશ રાખતો નથી.

૧૦. સાધક સંસારમાં પાંચ ઈન્દ્રિયોના વિષયના ભોગોને ઈશ્વરથી શ્રેષ્ઠ માને છે.

૧૧. સાધક એમ નથી માનતો કે ઈશ્વર સદા સ્થિર રહે છે, તે ઈશ્વરને હરતો-ફરતો માને છે.

૧૨. સાધક ત્રણ એષણાંઓની પૂર્તિ કરવાનું મુખ્ય માને છે અને ઈશ્વરને પ્રાપ્ત કરવાનું ગૌણ માને છે.

૧૩. સાધક યોગના યમ-નિયમ વગેરે આંઠ અંગોનું મન-વચન-કર્મથી સાર્વભૌમરૂપમાં આચરણ કરવાને દુઃખદાયી માને છે અને તેનાથી વિપરિત આચારણને સુખદાયી માને છે.

૧૪. સાધક ઈશ્વર દ્વારા બનાવેલા પદાર્થોને ઈશ્વર ના ન માનીને પોતાને તે પદાર્થોનો સ્વામી માને છે.

૧૫. સાધક એમ માને છે કે ઈશ્વર પોતાની ઈચ્છાથી કોઈને પણ સુખ-દુઃખ આપી દે છે. ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય અનુસાર ફળ આપના નથી.

૧૬. સાધકને ઈશ્વર-જીવ-પ્રકૃતિના વિષયમાં મિથ્યા જ્ઞાન હોવાથી ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપના વિષયમાં સંશય ઉત્પન્ન થાય છે.

૧૭. સાધક ઉપાસના કાળમાં એક બાજુ તો ઈશ્વરની પ્રાપ્તિની ઈચ્છા કરે છે તો બીજી બાજુ અન્ય સાંસારિક વસ્તુની પ્રાપ્તિ થાય એવી ઈચ્છા કરે છે. તે કારણે તેનું મન ઉપાસનામાં લાગતું નથી. **(ક્રમશઃ)**





।।ओ३म्।।

**वानप्रस्थ साधक आश्रम**

**Vaanprasth Saadhak Aashram**

( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना )

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत

Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

दिनांक : १३/०६/२०१४

समादरणीय श्रीयुत,

सादर नमस्ते !

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ की ओर से प्रचारार्थ सत्यार्थ प्रकाश (गुजराती भाषा) का २५ वां संस्करण प्रकाशित हो रहा है। पिछला संस्करण हमने प्रचार हेतु १५-१५ तथा ३०-३० रुपये में वितरीत किया तथा हजारों प्रतियाँ भेंट रूप में प्रदान की गई।

यह नया संस्करण भी नये जिज्ञासुओं को भेंट रूप में या लागत मूल्य से भी कम (लगभग ५० रुपये) में वितरीत करेंगे। जिन महानुभावों तथा समाजों को अग्रिम ग्राहक बनना हो वे शीघ्र निम्न पते पर या ईमेल द्वारा सूचित करें। कम से कम १०० प्रति के अग्रिम ग्राहक बनने वाले के नाम व पते पुस्तक में प्रकाशित किये जायेंगे। इस प्रकाशन की सूचना कृपया अपने परिवारजनों, मित्रों तथा समाजों में भी सूचीत करें।

धन्यवाद!

व्यवस्थापक
वैदिक वाङ्मय प्रकाशन
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात

संपर्क :
व्यवस्थापक : श्री रणसिंह जी आर्य
'वैदिक वाङ्मय प्रकाशन', वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७
दूरभाष : (२७७०) २८७४१७, २९१५५५, ६४२७०५६५५०
**Email : vaanaprastharojad@gmail.com**

**સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન**

TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

# રાજ્ય અને ભારત સરકાર યુવાનોના હિત માટે વિચારે : ડૉ. સી.એલ.પટેલ

સારાય દેશમાં પરિવર્તન અને વિકાસ માટે તક આપવા ભારતીય જનતા પક્ષે પોતાના ચૂંટણી ઢંઢેરામાં 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની ગાથા ગાઈને રાજ્યોમાં અને દેશમાં સત્તાના સુકાન સંભાળ્યા. ગત વર્ષોને યાદ કરીને ભ્રષ્ટાચાર વિનાની વિકાસયાત્રાના વચનો અપાયાં. ગત ૬૭ વર્ષને યાદ કરીએ તો છેક શરૂઆતથી કાળુ નાણું આ દેશને સતાવતું રહ્યું છે. ડીઆરડીઓના નિવૃત્ત નિયામક (મનોવૈજ્ઞાનિક સંશોધન) ડૉ. એન. આર. વડારપાડેના જણાવ્યા અનુસાર કેજીબીના અહેવાલને આધારે ખુદ જવાહરલાલ નહેરુના પણ આવા ૧૨૦૦ કરોડ રૂપિયા પરદેશી બેંકોમાં હોવાનું કહેવાય છે. દેશના કાળા નાણાંનો આ સિલસિલો તો હવે એક પંચવર્ષીય યોજના પૂરી થઈ શકે તેટલાં નાણાં સુધી પહોંચ્યો છે. આવા નાણાં અહીંથી ખોટી રીતે રળીને પરદેશની બેંકોમાં જમા થયેલાં છે.

આવાં નાણાં અંગે મોટા પાયે કોકકળ થઈ હતી. ત્યારે તત્કાલિન વડાપ્રધા શ્રી મનમોહન સિંહને અમોએ તેમને આવાં નાણાં કઈ રીતે દેશમાં લાવીને તેમનો સદુપયોગ થાય તે માટે સૂચન કર્યું હતું. તેમના વિભાગે આ સૂચનની નોંધ લઈને અમારા સૂચનને નાણાં વિભાગમાં મોકલી આપ્યું હતું. સરકારમાં બેઠેલાઓએ હવે વધુ સમય નહીં લેતાં આવા નાણાં ત્વરિત પરત આવે તેનો વિચાર કરવાની જરૂર છે. આવાં નાણાંમાંથી ૩૩ ટકા ભાગ આવકવેરા તરીકે સરકારની તિજોરીમાં જમા થાય, બાકીના ૩૩ ટકા નાણાં સરકારી અને પ્રજાકીય વિકાસના પ્રોજેક્ટોમાં વપરાય. બીજા ૩૩ ટકા નાણાં જે કોઈના હોય તેમને ધારા-ધોરણ મુજબ પરદેશી નાણાંનું વ્યાજ એક થી બે ટકા છે તે રીતે સત્તાવાર મળતું રહે અને એવાં નાણાં રિઝર્વ બેંકની દેખરેખ નીચે રહે.

હવે ઘણું થયું. કાળા નાણાં માટે ઘણી રોકકળ થઈ. આંકડાઓ પણ આવી ગયા છે. કેટલી રકમ કાળાં નાણારૂપે પરદેશી બેંકોમાં છે તે આંકડાવાર માહિતી સરકાર અને બીજા લોકોએ પણ મેળવી છે ત્યારે આ સરકાર વિદેશી બેંકોમાંના કાળાંનાણાં તેની પ્રાથમિકતા સમજીને વધુ વિલંબ વિના પરત લાવે તે આજની માંગ છે.

ભારતીય જનતા પક્ષે ૨૦૧૪ની ચૂંટણીમાં ઝળહળતો વિજય પ્રાપ્ત કર્યો, તેમાં જો કઈને શ્રેય અપાય તો તે ૪૦ ટકા યુવા વર્ગને અપાય કારણ કે તેમણે શ્રી નરેન્દ્ર મોદીના વચનમાં વિશ્વાસ



રાખ્યો છે. આ જ વર્ગે શ્રી મોદીને દેશના સત્તાસ્થાને બેસાડ્યા છે. આ ૪૦ ટકા વર્ગની જુવાની એળે ના જાય તે માટે ગુજરાત અને ભારતની સરકારે વિચારીને કાયમી ઉકેલ શોધવો પડશે.

આપણે જાણીએ છીએ કે રાજ્યોનો વિકાસ સપ્રમાણ નહીં થતાં આતંકી પ્રવૃત્તિ છેક ઉત્તર અને ઈશાનનાં રાજ્યોમાં ઉગ્રવાદીઓ પ્રજાની શાંતિ ખોરવે છે. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં માઓવાદીઓ સક્રિય છે. દક્ષિણના આંધ્ર, તેલંગણ અને મહારાષ્ટ્રમાં નકસલવાદીઓ સક્રિય છે. તમિલનાડુમાં તો તમિળ પ્રજાને શ્રીલંકામાં ઠરીઠામ કરવા અને જેઓ અહીં દેશમાં ઠરીઠામ થવા પરત આવ્યા છે તેઓ યોગ્ય રીતે જીવન જીવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી રહી. છેક આસામ અને પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશી અને બ્રહ્મદેશી લોકોએ અહીં કાયમ ઘૂસણખોરી કરીને અશાંત પરિસ્થિતિ ઉભી કરી છે. દેશને લાગે વળગે છે ત્યાં સુધી આદિવાસી વિસ્તારમાં જંગલ પેદાશોથી પોતાનું ગુજરાત ચલાવતા લોકોને જે તે વિસ્તારના હુન્નરની તાલીમો આપી આજીવિકા મેળવી શકે તેવી વ્યવસ્થા કરવાની રહે. આ દેશ અને રાજ્યોમાં જે સરકારો કાર્યરત છે તેમણે હવે પોતાની જવાબદારી સમજી યુવાનોના ઘડતર અને તેમની આજીવિકા માટે પગલાં લેવાની દિશામાં આગળ વધવું પડશે.

ગુજરાત રાજ્યમાં વિકાસની વાતો ઘણી થઈ. વિકાસ પણ થયો છે પરંતુ ગુજરાતના કેટલા યુવાનોને આ વિકાસમાં ભાગીદાર બનાવાય છે તે રાજ્ય સરકારે વિચારવું પડશે. અત્યારની પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણ સરકારની પાયાની જવાબદારી હોવા છતાં પોતાની જવાબદારી ઉપાડવાને બદલે શાળાઓમાં વિદ્યાર્થીઓની અમુક સંખ્યા ના હોય તો તે શાળાઓ બંધ કરવાનું પગલું વાજબી નથી. જે તે વિસ્તારનો સર્વે કરીને જે શાળાને મંજૂરી અપાઈ છે એવી શાળાઓ બંધ કરવાનો સમય આવે તેમાં સરકારી તંત્રની જ ખામી દેખાય છે. આવી શાળાઓ બંધ ના થાય તે માટે સરકારે તેના તંત્રને સાબદું બનાવવું પડશે.

ગુજરાતમાં ઘણી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ સાથે મહાવિદ્યાલયો સરકાર પોતે ચલાવે છે અને અનુદાન આપીને ટ્રસ્ટો મારફતે પણ ચલાવે છે. આ બધામાં હજારો શિક્ષકો, પ્રાધ્યાપકો-આચાર્યોની ભરતી સમયસર થતી નથી. તેવી જ રીતે બિન-શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલા હજારોની સંખ્યામાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારી કાયમી નોકરીથી વંચિત રહ્યા છે. આ બધું જોતાં સરકારે આપેલાં વચનો જો ખરેખર સાચાં વચનો હોય તો આ બધી જગ્યાઓ નહીં ભરવાને કોઈ કારણ નથી. અહીં માત્ર સરકારશ્રીની નાણાં ફાળવવાની ઉદાસીનતા જ કારણભૂત છે તે ઉદાસીનતા હવે ખંખેરવાની જરૂર છે.

આવી જ રીતે સરકારી તંત્રમાં પણ જૂદા જૂદા સ્તરે ઘણીબધી જગ્યાઓ ભરાયા વગરની પડી છે. આ બધી જગ્યાઓ માટે સરકારે બધી જ ભરતી કેન્દ્રીયકૃત થાય તે માટે નિર્ણય લીધો હોય ત્યારે છેલ્લાં બે વર્ષથી આવી જગ્યાઓ ભરવા માટે એક યા બીજા બહાના નીચે ખાલી જગ્યાઓ પર કોઈની પસંદગી થતી નથી અને આવી જગ્યાઓ ખાલી રહે છે. ઘણી વખત તો સરકારમાં બેઠેલા કોઈ ત્રાહિત માણસને માહિતગાર કરીને આવા ભરતી મેળામાં વચેટિયાનું કામ કરાવાય છે. તે અંગે પણ સરકારે વિચારવું પડશે. છેલ્લા વીસ વર્ષનો શિક્ષણ સાથેનો મારો અનુભવ છે, તે પરથી કહી શકાય કે યુવાનોના ઘડતર માટે જરૂરી કાળજી લેવાઈ નથી. સરકારી તંત્રની નિષ્ક્રિયતાને લીધે કેટલીય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અમુક અભ્યાસથી વંચિત રહે છે. આને કારણે યુવા પેઢીને આપણે કાર્યદક્ષ બનાવવામાં ઉણાં ઉતરતા હોઈએ તેવું લાગે છે.

રાજ્યની અને દેશની સરકારો માટે હું આશાવાદી છું. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુભી માનનીય શ્રી નરેન્દ્ર મોદી માટે જે વિશ્વાસ છે તે જ વિશ્વાસ માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલ માટે પણ છે. તેમની સક્રિયતા જ લોકો જે આશા રાખે છે તે ફળીભૂત બનાવશે. ગુજરાતમાં ભૂતકાળમાં જે કાંઈ બન્યું છે તેમાંથી બોધ લેવો ઘટે. આ દાખલો ટાંકીને હું કોઈ નકારાત્મક વિચારસરણી ધરાવતો નથી પરંતુ થોડીક તાકીદ થાય તે અસ્થાને નહીં ગણાય. યુવાનોને સાચી દોરવણી નહીં અપાય તો તે બીજો માર્ગ પકડે, જે તેમના અને રાજ્ય કે દેશને માટે હિતકર નથી. ગુજરાતમાં ચીમનભાઈ પટેલની સરકાર હતી ત્યારે આવું નવનિર્માણનું આંદોલન થયેલું જેમાં યુવાનોના આક્રોશે રાજ્યને વેરવિખેર કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો. એટલે સ્તો દરેક રાજ્ય સરકારે પોતાના રાજ્યમાં યુવાનોની ગણતરી કરીને જેઓ ઓછું ભણેલા હોય તેઓને આઈટીઆઈ-આઈટીસી જેવી સંસ્થાઓ સ્થાપી, કુશળ કારીગર બનાવી યોગ્ય રોજીરોટી રળતા કરવા ઘટે. શિક્ષિત યુવાનોને તેમના અભ્યાસ અને કાર્યકુશળતાના અનુસંધાનમાં યોગ્ય રોજગાર પ્રાપ્ત થાય તેવી સુદ્રઢ વ્યવસ્થા થાય તે આજની માંગ છે. યુવાધન દેશના વિકાસમાં હિસ્સો લઈ શકે તે રીતે ઉપયોગમાં આવે તો જ "સૌનો સાથ, સૌનો વિકાસ"ની વાત સિદ્ધ થાય. લેખક ડૉ. સી એલ. પટેલ ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારૂતર વિદ્યા મંડળ (સી.વી.એમ.)ના અધ્યક્ષ છે.

## સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપુર (કચ્છ) ખાતે



## છ માસીય વૈદિક જ્ઞાન શિબિર

**ક્રિયાત્મક યોગાભ્યાસ સહિત વૈદિક પ્રવક્તા, વૈદિક પ્રચારક તથા વૈદિક પુરોહિતનું પ્રશિક્ષણ અપાશે**

**યોગ્યતા** : દસમું ધોરણ પાસ, ઓછામાં ઓછી ઉંમર ૧૬ વર્ષ, બ્રહ્મચારી, ગૃહસ્થ તથા વાનપ્રસ્થીઓ માટે પ્રવેશ. માત્ર ભાઈઓ માટેની આ શિબિર છે.

શિબિર શુલ્ક : ૧૦૦૦/- રૂપિયા

**નિયમ** : છ મહિના સુધી આચાર્ય દ્વારા નિર્ધારિત નિયમ અનુસાર અનુશાસનમાં રહી દિનચર્યાનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવું તથા ઘર-ગૃહસ્થીના તમામ કાર્યોથી પૃથક રહીને ગુરુકુલીય વાતાવરણમાં રહેવું.

**સમય** : ૧લી જુલાઈ થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪

**પ્રશિક્ષક તથા આચાર્ય**

સ્વામી શાંતાનંદજી સરસ્વતી (એમ.એ. દર્શનાચાર્ય)
સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુર, કચ્છ
૯૯૯૮૫૯૪૮૧૦, ૮૯૮૦૫૭૩૭૦૮, ૯૩૭૭૦૨૭૧૬૬
૦૨૮૩૧-૨૮૮૨૫૫

**વિશેષ** : આ સમય દરમ્યાન વૈશેષિક દર્શનના અધ્યાપનનો પણ પ્રારંભ કરવામાં આવશે તથા પ્રશિક્ષણ બાદ કચ્છના દર્શનિય સ્થળોનું ભ્રમણ પણ કરાવવામાં આવશે આ ઉપરાંત ગુરુકુલ તરફથી પ્રમાણપત્ર પણ એનાયત કરાશે.

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

# આર્યસમાજ કછોલી દ્વારા સામૂહિક યજ્ઞોપવિત સંસ્કારનો કાર્યક્રમ સંપન્ન

**કછોલી**

આર્યસમાજ કછોલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સામૂહિક યજ્ઞોપવિત સંસ્કારનો કાર્યક્રમ સફળતા પૂર્વક ગત તા. ૪થી મેના રોજ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૭ બ્રહ્મચારીઓના યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા હતા.

પુરોહિત શ્રી પં. વિમલભાઈ આચાર્ય દ્વારા આ યજ્ઞોપવિત સંસ્કારની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી વિમલભાઈએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં બ્રહ્મચારીઓને તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાઈ-બહેનોને યજ્ઞોપવિતનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વધુમાં



જણાવ્યું હતું કે, છોકરાઓ જ નહિં પરંતુ છોકરીઓએ પણ યજ્ઞોપવિત ધારણ કરવી જોઈએ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આર્યસમાજ કછોલીના તમામ પદાધિકારીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મહેનત કરી હતી. આર્યસમાજના પ્રમુખ શ્રી હેમેન્દ્રભાઈ દેસાઈ, મંત્રી શ્રી પરેશભાઈ વશી, તથા ખજાનચી શ્રી પરીમલભાઈએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશેષ સહયોગ આપ્યો હતો.

# આર્યસમાજ નડીયાદ દ્વારા ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા

**નડીયાદ**

આર્યસમાજ, નડિયાદ દ્વારા દર વર્ષે સત્સંગમાં આવતા બાળકોને સન્માનિત કરવામાં આવે છે. આવા જ એક કાર્યક્રમમાં ગત તા. ૮મી જુનના રોજ રવિવારે આર્યસમાજ ખાતે સાંજે ૪ કલાકે યોજવામાં આવેલા આ કાર્યક્રમની શરૂઆત વૈદિક યજ્ઞથી કરવામાં આવી હતી. યજ્ઞ બાદ સત્સંગ અને ત્યારબાદ ભજનોપદેશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નડિયાદના પ્રબુદ્ધ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ બાદ દર રવિવારે આર્યસમાજના સત્સંગમાં આવતા ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતાં બાળકોને સંસ્થા તરફથી કંપાસ, લંચબોક્સ, દફતર, વોટરબેગ, પેન તથા નોટબુકોનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ખેડા જીલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી ભારતસિંહ પરમાર આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડયું હતું. તેમણે આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે, આજના આ ઈલેક્ટ્રોનિક અને કોમ્પ્યુટરના યુગમાં બાળકો વૈદિક જ્ઞાન મેળવવામાં રૂચી દાખવે અને સત્સંગમાં જઈને સારા મિત્રો સાથે રહીને પોતના ભવિષ્યને ઉજ્જવળ બનાવે.

આર્યસમાજ, નડીયાદના મે. ટ્રસ્ટી શ્રી દિનેશચંદ્ર આચાર્યશ્રીએ આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે આજના બાળકોમાં સારૂ જ્ઞાન તેમજ ધાર્મિકતા બની રહે તેમજ તેઓ પોતાનું જીવન ઉચ્ચ બનાવે અને વિદ્યામાં આગળ આવી જીવનનું ઘડતર કરે.

આર્યસમાજના પ્રમુખ શ્રી દેવીન પટેલે સંસ્થામાં ઘણાં સમયથી સત્સંગમાં આવતા બાળકોને ગુરુ તથા શિક્ષકોનો આદર કરવાની પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, સત્સંગમાં આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સદા તત્પર રહી બાળકોએ પોતાનું જીવન ઉચ્ચ બનાવવું જોઈએ.

અમદાવાદના આર્ય પરિવારના શ્રી નરેન્દ્રભાઈ ગાંધી દ્વારા બાળકોને કંપાસ અને લંચબોક્સ આપવામાં આવ્યા હતા. મે. ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ દ્વારા દફતર, નોટો-ચોપડા, પેન-પેન્સિલ, રબ્બર, ફુટપટ્ટી તેમજ પ્રસાદ પ્રાપ્ત થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આર્યસમાજ, નડીયાદના કોષાધ્યક્ષ શ્રી યોગેશભાઈ ગાંધી, ટ્રસ્ટી શ્રી સુનીલભાઈ ભટ્ટ, નરેશભાઈ કંથારીયા, આર્ય સદસ્ય શ્રી જગદીશભાઈ રાઠોડ, શ્રી કનકસિંહજી વાઘેલા, શ્રી જયેશભાઈ ઉપાધ્યાય તેમજ હર્ષ આર્યને સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના અંતમાં આર્યસમાજ, નડીયાદના પ્રમુખ શ્રી દેવીનભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આભારવિધિ બાદ શાંતિપાઠ કરી કાર્યક્રમ સમાપ્ત કરાયો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR. PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com